## સંક્ષિપ્ત સમાચાર

### જિલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં ડી.બી. પારેખ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓનો ડંકો



**સંખેડા :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત 'વિકસિત ભારત-2047' થીમ પર છોટાઉદેપુર જિલ્લા કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આનંદકુમાર પરમાર સાહેબના અધ્યક્ષસ્થાને એસ.એફ. હાઈસ્કૂલ, છોટાઉદેપુર ખાતે યોજાઈ હતી, જેમાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી તાલુકા કક્ષાએ વિજેતા થયેલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ જિલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં સંખેડા તાલુકાની ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડા ની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા અને તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

### ખેલ મહાકુંભમાં કાલોલની નવરચના ગુરુકુલના વિદ્યાર્થીઓનું ચેસ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન




**કાલોલ :** ખેલ મહાકુંભ 2026-27 અંતર્ગત તાલુકા લેવલની ચેસ સ્પર્ધા રિફાઈ પબ્લિક સ્કૂલ બોરુ ખાતે યોજાઇ હતી. જેમાં વિવિધ વય જૂથના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નવરચના ગુરુકુલના વિદ્યાર્થીઓએ પણ તાલુકા લેવલની ચેસ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજેતા થયા હતા. જેમાં અંગ્રેજી માધ્યમના અંડર 11 માં સનાયા શેખ પ્રથમ સ્થાન, દેવ્યાંશી સિંગ દ્વિતીય સ્થાન અંડર 14 માં મનહર મહેતા પ્રથમ સ્થાન, હયા વોહરા દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને ગુજરાતી માધ્યમમાં અંડર ઇલેવનમાં કાર્તિક સોલંકી પ્રથમ સ્થાન અંડર 17માં રુદ્ર પટેલ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

### વડોદરા નવલખી મેદાન ખાતે યોજાનાર સેવા સંકલ્પ જ્યોતિ યાત્રાના આયોજનની બેઠક યોજાઈ



**ડભોઇ :** " સેવા સંકલ્પ અભિયાન " અંતર્ગત આગામી તા. 7 ઓક્ટોબર,2026ના રોજ વડોદરા શહેર ખાતે યોજાનાર જિલ્લા સેવા જ્યોતિ યાત્રાના સુચારુ આયોજન અંગે ડભોઇ APMC ગ્રાઉન્ડ ખાતે આયોજિત બેઠક યોજાઈ હતી.જેમાં સેવા જ્યોતિ યાત્રા માટે ના આયોજન ની મુક્તમને ચર્ચા વિચારણા કરાઈ હતી. APMC ખાતે યોજાયેલ બેઠકમાં જિલ્લા પ્રમુખ ડો. બી.જે.બ્રહ્મભટ્ટ,જિલ્લા મહામંત્રી અને જ્યોતિ યાત્રાના જિલ્લા ઇન્ચાર્જ મહેશભાઇ પટેલ (દાજી),જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશભાઇ પટેલ, અશ્વિનભાઇ વકીલ, પ્રદેશ આદિજાતિ મોરચાના ઉપાધ્યક્ષ સુકીર્તિ તડવી, વિજયભાઈ રબારી સંગઠનના હોદ્દેદારો, અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

### બોડેલીમાં પાવાગઢ જતા માઈ ભક્તોનું સ્વાગત કરાયું : 850 કિ.મી.ની પગપાળા યાત્રા કરી



**બોડેલી :** આસો નવરાત્રી પૂર્વે શક્તિપીઠ પાવાગઢ ખાતે મહાકાળી માતાની અખંડ જ્યોત લેવા માટે મધ્યપ્રદેશના બુરહાનપુર જિલ્લાના બોરી બુઝુર્ગ ગામથી નીકળેલા માઈ ભક્તોનો સંઘ બોડેલી પહોંચતા સ્થાનિક લોકો દ્વારા ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદ નજીક આવેલા બુરહાનપુર જિલ્લાના બોરી બુઝુર્ગ ગામના માઈ ભક્તો આશરે 850 કિ.મી.ની પગપાળા યાત્રા કરીને શક્તિપીઠ પાવાગઢ ખાતે મહાકાળી માતાના દર્શન અને અખંડ જ્યોત લેવા નીકળ્યા છે. રાત-દિવસ પગપાળા યાત્રા કરતા આ સંઘના ભક્તો સાત દિવસ બાદ બોડેલી પહોંચ્યા હતા.

### સણસોલીની આંગણવાડીઓમાં 'સેવા સંકલ્પ' કાર્યક્રમની ઉજવણી કરાઇ



**કાલોલ :** કાલોલ તાલુકાના સણસોલી ગામની આંગણવાડી કેન્દ્ર નં. 1, 2, 3, 4 અને 5 ખાતે 'સેવા સંકલ્પ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન આંગણવાડી કેન્દ્રોમાં વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી અને બાળકો તથા વાલીઓને પોષણ, આરોગ્ય અને બાળ વિકાસ અંગે જાગૃતિ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સરકારી કર્મચારીઓ, તાલુકા પંચાયતના સભ્ય નયનાબેન અરવિંદસિંહ તેમજ ગામના સભ્યો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડી કાર્યકરો દ્વારા કાર્યક્રમની વ્યવસ્થા સંભાળવામાં આવી હતી. 'સેવા સંકલ્પ' જેવા કાર્યક્રમોનો મુખ્ય હેતુ બાળકોના સર્વાંગી વિકાસ સાથે પોષણ, આરોગ્ય અને શિક્ષણ પ્રત્યે વાલીઓ તથા ગ્રામજનોમાં જાગૃતિ લાવવાનો છે.

---

**કરજણના રાજકારણમાં નવરાત્રી પછી નવાજૂનીના એંધાણ**

# એક સોશિયલ મીડિયા પોસ્ટ અને અનેક સવાલો ઉઠ્યા

નવરાત્રી પછી નવાજૂનીના એંધાણ? તેવી લોકચર્ચાઓ

(પ્રતિનિધી) કરજણ, તા.4

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાનું રાજકારણ હાલ ગરમાયું છે, અને આ ગરમાવા પાછળનું કારણ છે ભાજપના તાલુકા પ્રમુખ બિરેન પટેલની એક સોશિયલ મીડિયા પોસ્ટ. નવરાત્રીના પવિત્ર પર્વ બાદ સામાન્ય રીતે શાંતિ અને ભક્તિનો માહોલ હોય છે, પરંતુ કરજણમાં રાજકીય ખળભળાટ મચી ગયો છે, જે સૂચવે છે કે આગામી સમયમાં કંઈક મોટું પરિવર્તન આવી શકે છે. બિરેન પટેલે પોતાની પોસ્ટમાં કરજણ નગરપાલિકાને ઉથલાવી પાડવા અને પક્ષને નુકસાન પહોંચાડવા માટે કેટલાક સભ્યો દમણ ગયા હોવાનો ગંભીર દાવો કર્યો હતો. તેમની પોસ્ટના શબ્દો હતા, "રોકવાની તાકાત હોય તો રોકી લો, અન્યથા પાર્ટીની મોટી બદનામી થશે." આ શબ્દો માત્ર ચેતવણી નહોતા, પરંતુ એક ઊંડી ચિંતા અને આક્રોશ પણ પ્રદર્શિત કરતા હતા. આ પોસ્ટ વાયરલ થતાં જ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી હતી, અને વિવાદ વકરતાં આખરે પોસ્ટ ડિલીટ કરવામાં આવી હતી. પરંતુ, ડિલીટ થયેલી પોસ્ટની અસર રાજકીય વાતાવરણમાં હજુ પણ વર્તાઈ રહી છે. આ ઘટના અનેક સવાલો ઊભા કરે છે, જેના જવાબો આગામી સમયમાં જ મળશે. સામાન્ય રીતે, તહેવારો પછી રાજકીય ગતિવિધિઓ તેજ બનતી હોય છે. બિરેન પટેલની આ પોસ્ટ નવરાત્રીના અંત સાથે જ આવી છે.

જે સૂચવે છે કે કરજણના રાજકારણમાં ખરેખર કંઈક મોટું પરિવર્તન આવી શકે છે. શું નગરપાલિકામાં સત્તા પરિવર્તન થશે? શું પક્ષમાં આંતરિક ફેરફારો જોવા મળશે? આ બધા સવાલોના જવાબ આગામી દિવસોમાં કરજણના રાજકીય મંચ પરથી જ મળશે. આ ઘટના દર્શાવે છે કે સોશિયલ મીડિયા હવે માત્ર વ્યક્તિગત અભિવ્યક્તિનું માધ્યમ નથી રહ્યું, પરંતુ રાજકીય ગતિવિધિઓ અને પક્ષના આંતરિક સંઘર્ષોને પણ ઉજાગર કરતું એક શક્તિશાળી પ્લેટફોર્મ બની ગયું છે.

**Biren Patel**
15m

કરજણ નગરપાલિકા ઉઠાવવા માટે બધા સભ્યો દમણમાં ગયા છે એ ભારતીય જનતા પાર્ટીનું નુકસાન કરવા માટે ગયા છે એટલે હુ ભારતીય જનતા પાર્ટીને કહેવા માગું છું છું કે આ જો રોકવાની તાકાત હોય તો રોકી લો .
બાકી પાર્ટીને બદનામી થશે

### "રોકવાની તાકાત હોય તો રોકી લો"આ કોને ઉદ્દેશીને કહેવાયું હતું?

બિરેન પટેલ જેવા પક્ષના જવાબદાર હોદ્દેદાર દ્વારા આવા શબ્દોનો પ્રયોગ કરવો એ સામાન્ય બાબત નથી. આ વાક્ય કોને ઉદ્દેશીને કહેવામાં આવ્યું હતું? શું આ પક્ષના જ આંતરિક વિરોધીઓ માટેની ચેતવણી હતી? કે પછી વિરોધ પક્ષના કોઈ ષડયંત્ર તરફ ઈશારો હતો? આ "તાકાત" કોની પાસે છે, જે આ પ્રવૃત્તિઓને રોકી શકે છે? શું આ પક્ષના મોવડીમંડળને અપીલ હતી કે તેઓ આ બાબતે હસ્તક્ષેપ કરે? આ પ્રશ્નોના ઉત્તર કરજણના રાજકારણની ગૂઢતાને ઉજાગર કરશે.

### બિરેન પટેલનો ઈશારો કોના તરફ હતો?

પોસ્ટમાં "સભ્યો દમણ ગયા હોવાનો" ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ "સભ્યો" કોણ છે? શું તેઓ ભાજપના જ સભ્યો છે, જેઓ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ છે? કે પછી અન્ય કોઈ પક્ષના સભ્યો સાથે મળીને કોઈ રાજકીય રમત રમી રહ્યા છે? "પાર્ટીને નુકસાન પહોંચાડવા" અને "કરજણ નગરપાલિકા ઉથલાવવા" જેવા શબ્દો સ્પષ્ટપણે કોઈ મોટા રાજકીય ષડયંત્ર તરફ નિર્દેશ કરે છે.

### આ પોસ્ટ શા માટે ડિલીટ કરવામાં આવી?

પોસ્ટ વાયરલ થયા બાદ તેને ડિલીટ કરી દેવામાં આવી, જે દર્શાવે છે કે આ બાબતની ગંભીરતા પક્ષના ઉચ્ચ સ્તરે પણ પહોંચી હશે. શું પક્ષના મોવડીમંડળ દ્વારા તેમને પોસ્ટ ડિલીટ કરવા માટે કહેવામાં આવ્યું હતું? કે પછી વિવાદ વધુ વકરે નહીં તે માટે સ્વૈચ્છિક રીતે આ પગલું ભરવામાં આવ્યું?

---

# સિહોદ પાસે રેલવે ગળનાળામાં નમકીનનું ટ્રેલર ફસાયું




(પ્રતિનિધી) જેતપુરપાવી, તા.4

સિહોદ પાસે ભારજ નદી પરનો બ્રિજ તૂટી જતાં વાહનચાલકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે.ભારજ નદી નો બ્રિજ તુટી જતા વાહનવ્યવહાર બંધ કરવામાં આવતા વાહનોને વૈકલ્પિક માર્ગે ડાયવર્ટ કરવામાં આવ્યા છે. આ ડાયવર્ઝન રૂટ પર સિહોદ પાસે આવેલા રેલવે ગળનાળામાં ભારે વાહનો વારંવાર ફસાઈ જવાની ઘટનાઓ સામે આવી રહી છે. વાહનચાલકોને ડાયવર્ઝનના માર્ગની પૂરતી જાણકારી ન હોવાના કારણે ભારે વાહનો રેલવે ગળનાળામાં પ્રવેશી જાય છે અને ત્યારબાદ ફસાઈ જતા વાહનવ્યવહારને અસર થાય છે. આ દરમિયાન સિહોદ પાસે રેલવે ગળનાળામાં નમકીનનું એક ટ્રેલર ફસાઈ જતાં ફરી એકવાર વાહનચાલકોની મુશ્કેલી સામે આવી હતી. ભારે વાહન ફસાઈ જતા અન્ય વાહનોને પણ પસાર થવામાં મુશ્કેલી પડી હતી. સ્થાનિકો અને વાહનચાલકોની માંગ છે કે ડાયવર્ઝન રૂટ અંગે યોગ્ય સ્થળોએ સ્પષ્ટ સૂચનાત્મક બોર્ડ લગાવવામાં આવે તેમજ ભારે વાહનો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે, જેથી આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવી શકાય.

### છોટાઉદેપુરમાં કુસુમ સાગર તળાવની સફાઈ માટે અક્વા વીડ હાર્વેસ્ટર મશીન અર્પણ

છોટાઉદેપુર : છોટાઉદેપુર શહેરની શોભા સમાન ઐતિહાસિક કુસુમ સાગર તળાવ સહિતના જળાશયોને સ્વચ્છ અને સુંદર રાખવા માટે જિલ્લા પ્રશાસન દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ એટલે કે DMF ગ્રાન્ટ હેઠળ છોટાઉદેપુર નગરપાલિકાને તળાવ સાફ કરવાનું આધુનિક 'અક્વા વીડ હાર્વેસ્ટર' મશીન અર્પણ કરવામાં આવ્યું છે. છોટાઉદેપુરના કુસુમ સાગર તેમજ નગરના અન્ય તળાવોમાં ઊગી નીકળતી નકામી જળચર વનસ્પતિ અને જળકુંભીને કારણે સફાઈમાં ભારે મુશ્કેલીઓ પડતી હતી. આ મશીન બોટ સ્વરૂપે કામ કરે છે, જેના આગળના ભાગમાં ખાસ કટર બેસાડેલું હોય છે. તે તળાવમાંથી લીલ, ઘાસ અને જળકુંભી કાપીને કન્વેયર બેલ્ટ દ્વારા બહાર કાઢે છે, જેથી જળાશયોમાં ઓક્સિજનનું સ્તર જળવાઈ રહેશે અને પાણીનું પ્રદૂષણ અટકશે.

---

**ગ્રામજનોએ હત્યાની આશંકા સેવી**

# વાઘોડિયાના વલવા નર્મદા બ્રિજ પાસે ગંભીરપુરાના યુવકનો શંકાસ્પદ મૃતદેહ મળ્યો

ગઈકાલે સાંજે 07:00 વાગ્યા થી યુવક ગુમ થયો હતો



(પ્રતિનિધી) વાઘોડિયા, તા.4

વાઘોડિયા તાલુકાના વલવા નર્મદા કેનાલ બ્રિજ કેનાલ સર્વિસ રોડની સાઈડમાં આવેલી જાળીઝાંખરા માંથી ગંભીરપુરાના આશરે 40 વર્ષીય યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળતા ખડભડાટ મચી ગયો છે. ઠાકોર સંજય સિંહ ઉમેદ સિંહ (રહે. ગંભીરપુરા તા.વાઘોડિયા) પાદરા પાસેના લુના પાસે આવેલી બીડીઆર ફાર્મા કંપનીમાં નોકરી કરતા હતા. જોકે તેવો છેલ્લે બુધવારથી કોઈ કારણસર નોકરીએ જતા ન હતા. પરિવારમાં માતા પત્ની સાથે તેઓ રહેતા હતા તેઓના બે દીકરા અભ્યાસ અર્થે બહાર ગામ રહે છે. ગત રોજ ખેતરમાં કામકાજ પતાવી સાંજે ઘરે પરત આવ્યા બાદ સાંજે સાત વાગ્યા પછી બાઈક લઈ ગુમ થયા હતા. પરિવારે મોબાઈલથી સંપર્ક કરતા મોબાઈલ સ્વીચ ઓફ આવતા તેઓને રાતભર પરિવાર અને મિત્રોએ ગામની આસપાસ શોધખોળ કરી હતી. જોકે મોડી રાત સુધી ન મળતાં તેઓ વાઘોડિયા પોલીસને મૌખિક રજૂઆત કરી હતી. આજે સવારે તેઓની બાઈક વલવા નર્મદા બ્રિજ રોડની બાજુમાં પાર્ક કરેલી મળી આવતા આસપાસ તપાસ કરતા થોડે દૂર જાડીઝાંખરા માંથી શંકાસ્પદ હાલતમાં સંજયસિંહ નો મૃતદેહ મળી આવતા ગામ લોકોના ટોળેટોળા ઘટના સ્થળે પહોંચ્યા હતા. મૃતક ની એડી પાસે છોલાવાનો ઘા, અને એક આંખ ફૂટેલી હાલતમાં જોતા ગ્રામજનોએ વાઘોડિયા પોલીસને જાણ કરી હતી. બોડીને તપાસ દરમિયાન કપડાં ભીંજાયેલા મળ્યા હતા.

---

**શેઢા પરના ઝાડના ડાળખાં કાપવા બાબતે તકરાર**

# કાલોલના ભાખરની મુવાડીમાં દંપતી સહિત ૪ શખ્સોનો હુમલો, બે ઘાયલ

**ઉશ્કેરાયેલા** એક ઇસમે લોખંડની પાઇપ વડે માથામાં ઘા ઝીંકી દીધો

(પ્રતિનિધી) કાલોલ, તા.4

કાલોલ તાલુકાના ભાખરની મુવાડી ગામે ખેતરના શેઢા પર આવેલા ઝાડની ડાળખીઓ કાપવા બાબતે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાઈ જઈને ચાર શખ્સોએ પિતા-પુત્ર પર ધારીયા, લોખંડની પાઈપ અને લાકડી વડે જીવલેણ હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ઈજાગ્રસ્તોને સારવાર અર્થે વડોદરાની SSG હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટના અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં ચાર હુમલાખોરો વિરુદ્ધ નામજોગ ગુનો નોંધાયો છે.

મળતી વિગતો અનુસાર, ભાખરની મુવાડી ગામે રહેતા વિક્રમસિંહ હેમાભાઈ સોલંકી (ઉ.વ. ૫૬) ગત તારીખ ૦૨/૧૦/૨૦૨૬ ના રોજ સવારના દશેક વાગ્યાના સુમારે પોતાના ઘરે હાજર હતા. તે સમયે ગામના જ દલપતસિંહ સામતસિંહ સોલંકી, વિજયસિંહ સામતસિંહ સોલંકી, ટીનીબેન વિજયસિંહ સોલંકી તથા વર્ષાબેન ભરતસિંહ સોલંકી નામના વ્યક્તિઓએ ત્યાં આવી "અમારા ખેતરના શેઢા પર આવેલ ઝાડના ડાળખાઓ તમે કેમ કાપી નાખેલ છે?" તેમ કહી ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું.

વિક્રમસિંહે ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા દલપતસિંહે હાથમાં રહેલું ધારીયું વિક્રમસિંહને દાઢીના ભાગે મારી દીધું હતું. ત્યારબાદ વિજયસિંહે લોખંડની પાઈપ વડે માથામાં ઘા ઝીંકી દીધો હતો. આ સમયે અન્ય બે મહિલાઓ ટીનીબેન અને વર્ષાબેને વિક્રમસિંહને ઢોર માર માર્યો હતો.

બૂમાબૂમ થતાં વિક્રમસિંહના પિતા હેમાભાઈ રામાભાઈ સોલંકી વચ્ચે બચાવવા પડતાં વિજયસિંહે તેમના હાથ પર પાઈપ ફટકારી અને વર્ષાબેને લાકડી વડે માર માર્યો હતો.

### કાલોલના ચલાલી ગામે કારની અડફેટે વૃદ્ધાનું મોત

કાલોલ : પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ચલાલી ગામે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. શેરીમાં કચરો વાળી રહેલા ૮૫ વર્ષીય વૃદ્ધાને પુરઝડપે આવી રહેલી કારે જોરદાર ટક્કર મારતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. આ મામલે વેજલપુર પોલીસ સ્ટેશનમાં કાર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ચલાલી ગામના ખ્રિસ્તી ફળિયામાં બની હતી. ૮૫ વર્ષીય શારદાબેન પુંજાલાલ ખ્રિસ્તી પોતાના ઘર બહાર શેરીમાં કચરો કાઢી રહ્યા હતા. ફળિયામાં રહેતા જોયેલભાઈ છોટાભાઈ ખ્રિસ્તી પોતાની સફેદ કલરની વેગનઆર ફોર-વ્હીલર ગાડી (નંબરઃ GJ-17-BH-3320) પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવ્યા હતા અને શારદાબેનને જોરદાર અડફેટે લેતા વૃદ્ધાને માથાના ભાગે, કમર તેમજ હાથ-પગમાં ગંભીર ઈજા થતાં સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

**વડોદરાના મીરસાપુરથી ૯ સપ્ટેમ્બરથી હતો ગુમ**

# આસોજની સીમમાં ફાંસો ખાધેલા યુવકનો મૃતદેહ ડી કમ્પોઝ હાલતમાં મળ્યો

(પ્રતિનિધી) વાઘોડિયા, તા.4

જરોદના આસોજ ગામની સીમમાંથી ડી કમ્પોઝ હાલતમાં અજાણ્યા યુવકનો મૃત્યુદેહ મળતા ચકચાર મચી જવા પામી છે આસોજ ગામની સીમમાં જીઈબી પાછળ સબ સ્ટેશન નજીક ગૌચરના બાવનના ઝાડ ઉપર ફાંસો ખાઈ મરણ ગયેલ યુવકની ડી કમ્પોઝ બોડી લટકેલી હાલતમાં મળી આવતા ગ્રામજનોએ જરોદ પોલીસને જાણ કરી હતી. જરોદ પોલીસ ઘટના સ્થળે પહોંચી ડી કમ્પોઝ મૃતદેહ નો કબ્જો મેળવી અજાણ્યા પુરુષની ઓળખ વિધિ શરૂ કરી હતી. તપાસ દરમિયાન મૃતકના ગળામાં ચેન અને હાથમાં પહેરલા દોરાથી અજાણ્યો યુવક વડોદરા સોખડા ના મીરસાપુરા ગામનો હોવાનું બહાર આવ્યું હતું.



પ્રજેશ કાળા ગોહિલ ઉંમર વર્ષ 22 અપરણિત હતો. ગત તારીખ 8 9 2026 બપોરના 2 વાગ્યા બાદ ગુમ થયો હતો.કેટલા દિવસથી ઘરેથી ગુમ થયેલા લોકોની તપાસ કરતા હાથમાં પહેરેલ દોરા અને ગળામાં પહેલ ચેન દ્વારા પ્રજેશની ઓળખ થતા તેના પરિવારને મૃતદેહ સોપાયો હતો.

---

**વહીવટી તંત્રનો મહત્વનો નિર્ણય: ૫ દિવસમાં વાંધા-સૂચનો મંગાવાયા**

# પાવાગઢ યાત્રાધામમાં માંચીથી મંદિર સુધી સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ

(પ્રતિનિધી) હાલોલ., તા.4

યાત્રીઓ દ્વારા પ્લાસ્ટિકની બોટલો અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરીને ગમે ત્યાં ફેંકી દેવાને કારણે મંદિરના પગથિયાં, રસ્તાઓ અને ડુંગરના ઢોળાવ પર કચરો એકત્રિત થાય છે. આ કચરાના કારણે શ્રદ્ધાળુઓ માટે લપસી પડવાનું જોખમ ઊભું થાય છે, ગટરો તથા પાણીના વહેણ અવરોધાય છે, આગનું જોખમ વધે છે તેમજ ડુંગરના ઐતિહાસિક વારસાને અને પર્યાવરણને નુકસાન પહોંચે છે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ હેઠળ પાવાગઢ યાત્રાધામ વિસ્તારમાં



પ્લાસ્ટિકની પાણીની બોટલો, સિંગલ યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓ (જેવી કે ડીશ, કપ, ગ્લાસ, ચમચી, સ્ટ્રો, થર્મોકોલ વગેરે), પ્લાસ્ટિકની થેલીઓ, પાણી, છાસ, જ્યુસ તેમજ અન્ય પીણાના પ્લાસ્ટિક પાઉચ અને ટેટ્રાપેક વપરાશ પર પ્રતિબંધ મુકવાનું પ્રસ્તાવિત કરાયું છે. આ પ્રસ્તાવિત નિયંત્રણો અંગે જો કોઈ સંસ્થા, નાગરિકો, વેપારી મંડળો, ઉત્પાદકો કે વિતરકોને વાંધો કે સૂચન હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૦૫ દિવસની અંદર પોતાના વાંધા/સૂચનો કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જિલ્લા સેવા સદન-૧, પંચમહાલ ગોધરા ખાતે ટપાલ અથવા ઈ-મેઈલ ID (collector-pan@gujarat.gov.in) દ્વારા મોકલી આપવાના રહેશે. તા. ૧૧/૧૦/૨૦૨૬ થી આસો નવરાત્રી શરૂ થનાર હોય અને પબ્લિકનો ઘસારો વધુ રહેવાની શક્યતા હોવાથી સમયમર્યાદા ૫ દિવસની રાખવામાં આવી છે.

---

**અલીરાજપૂર પ્રતાપનગર પેસેન્જર ટ્રેનમાં રેલ્વે LCBનો સપાટો**

# ૨૨ પેટી વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા

(પ્રતિનિધી) ડભોઇ, તા.4

પાછલા ત્રણ માસ થી પ્રતાપનગર - અલીરાજપુર પેસેન્જર ટ્રેન માં વિદેશીદારૂ ના જથ્થા ની મોટાપાયે હેરાફેરી થઈ રહી હતી.રેલ્વે ના સૌચાલય સહિત બે કોચ ની વચ્ચે ના ભાગે અથવા કોચ ના છેડે ખેપિયાઓ વિદેશી દારૂ નો જથ્થો મૂકી લાવતા હતા. સ્થાનિક રેલ્વે પોલીસ અને RPF ની રહેમ નજર હેઠળ આ બધું ગોઠવણી થી ચાલતું હતું.રેલ્વે મુસાફરી માં માથાભારે,દારૂ ની ખેપ મારનારાઓ નું વર્ચસ્વ થઈ પડ્યું હતું.મુસાફરો હેરાન પરેશાન થઈ રહ્યા હોય રેલ્વે ની મુસાફરી દરમ્યાન માથાભારે ઈસમો ખુલ્લેઆમ દારૂ,બિયર પણ પીતા



હતા.જેથી સુરત રેલ્વે ડિવિઝન ના જાંબાજ LCB PSI આર.એ.જાડેજા ને બાતમી મળી હતી.રેલ્વે માં દારૂના ખેપિયાઓને 2,33,000 રૂપિયા ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવા પોતાની ટીમ સાથે આખીરાત ની મુસાફરી કરી રેલ્વે LCB PSI જાડેજા સુરત થી છોટાઉદેપુર પહોંચ્યા હતા.જ્યાંથી ઓપરેશન પરાક્રમ ની શરૂઆત થઈ હતી.સંખેડા ના અમલપુર,ડભોઇ ના વઢવાણા, ડભોઇ, ફરતીકુઇ, થુવાવી, ભીલાપુર અને પ્રતાપનગર સુધી વિદેશી દારૂ ઉતરતા બધાજ સ્ટેન્ડ નો દારૂ ઝડપાઈ ગયો હતો.એ સાથે ત્રણેય આરોપી દિલીપ કલેશ રહે.અલીરાજપુર (MP), રાજુ રાઠવા અને દિલીપ રાઠવા મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા.